### લાંબી લાંબી કતારોમાં લોકો બે-થી ત્રણ કલાક સુધી લાઇનોમાં ઉભા રહેવા જોવા મળ્યા હતા

# સુખસરમાં પેટ્રોલ-ડીઝલની શાંતિપૂર્ણ વહેંચણી, અફવાઓથી દૂર રહેવા તંત્રની અપીલ

**દેશમાં કોઇપણ પ્રકારના ઇંધણ કે ખાદ્ય ખોરાકીની અછત નથી તેવુ સરકાર દ્વારા પણ કહેવાય છે**

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

સુખસર ખાતે પેટ્રોલ અને ડીઝલની શાંતિપૂર્ણ રીતે વહેંચણી કરવામાં આવી રહી છે.ગઈકાલે રાત્રે પેટ્રોલ ભરેલી ગાડી પહોંચતા રાત્રિના આશરે 2 વાગ્યાથી જ નિયમિત રીતે વેચાણ શરૂ કરવામાં આવ્યું હતું.અને આજે આખો દિવસ સતત વેચાણ ચાલુ રાખવામાં આવ્યું છે.

ખોટી અફવાઓના કારણે વહેલી સવારથી પેટ્રોલ પંપ પર લોકોની લાઈનો લાગી ગઈ હતી. પરંતુ તંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા કરવામાં આવતા તમામ લોકોને તેમની જરૂરિયાત મુજબ પેટ્રોલ અને ડીઝલ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. સૂત્રો મુજબ સાંજે વધુ એક ગાડી પહોંચવાની તૈયારીમાં છે.જેથી જથ્થો સતત ઉપલબ્ધ રહે.તંત્રએ લોકોને અપીલ કરી છે કે કોઈપણ ખોટી અફવા ઓમાં વિશ્વાસ ન રાખે અને શાંતિ જાળવે. હાલ પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું તંત્રએ સ્પષ્ટ કર્યું છે. તંત્રએ વધુમાં ચેતવણી આપી છે કે, કોઈપણ વ્યક્તિ જરૂરિયાત વગર પેટ્રોલ અથવા ડીઝલ લઈ કાળા બજારમાં વેચતા જણાશે તો તેના સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. તેમજ કોઈપણ વ્યક્તિ કૃત્રિમ અછત સર્જવાની કોશિશ કરશે અથવા સંગ્રહખોરી કરશે તો તેની સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-1955ની જોગવાઈ મુજબ કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ અંગે એકલવ્ય પેટ્રોલ પંપના મેનેજર ભૂરસિંગભાઈએ જણાવ્યું હતું કે,આજે રાત્રે પેટ્રોલ તથા ડીઝલની ગાડી આવેલ હતી. અને આખો દિવસ વેચાણ કરવામાં આવ્યું છે. બીજી ગાડી પણ પહોંચવાની તૈયારીમાં છે. જેથી નિયમિત રીતે પેટ્રોલ અને ડીઝલ ઉપલબ્ધ રહેશે. આમ, સુખસરમાં ડીઝલ-પેટ્રોલની કોઈ તંગી ઉભી થયેલ નથી કે આવનાર સમયમાં તંગી ઊભી થાય તેવા કોઈ અણસાર જણાતા ન હોય ત્યારે પ્રજાએ ખોટી અફવા ઓમાં આવી સંગ્રહખોરી કરવી નહીં. અને અફવાઓથી દૂર રહેવા તંત્ર દ્વારા જણાવાયું છે.

## જેતપુરપાવી પોલીસ સ્ટેશન ખાતે વ્યાજખોર મુદ્દે બેઠક યોજાઈ

જેતપુરપાવીઃ જેતપુર પાવી પોલીસ સ્ટેશન ખાતે વ્યાજખોરના વધતા મુદ્દાને લઈને મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જેતપુર પાવી ટાઉન SBI બેંકના કર્મચારીઓ, વેપારીઓ, ગામડાઓના આગેવાનો તેમજ સામાન્ય નાગરિકો હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન વ્યાજખોર દ્વારા લોકો પર થતા અન્યાય, ઊંચા વ્યાજદર અને તેના કારણે સર્જાતી આર્થિક મુશ્કેલીઓ જેવા મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. લોકોમાં જાગૃતિ લાવવા, બેંકિંગ વ્યવસ્થાનો વધુ ઉપયોગ કરવા અને વ્યાજખોરના ચંગુલમાંથી બચવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં હાજર અધિકારીઓ અને બેંક કર્મચારીઓએ લોકોને કાયદેસર રીતે લોન લેવા, બેંકની યોજનાઓનો લાભ લેવા અને કોઈપણ વ્યાજખોર સામે ફરિયાદ કરવા અપીલ કરી હતી. સાથે સાથે સમાજના આગેવાનો દ્વારા પણ લોકોને સતર્ક રહેવા અને ગેરકાયદેસર વ્યાજખોરી સામે એકજૂટ થવાની અપીલ કરવામાં આવી હતી.

### 313 રન બનાવ્યા અને 6 વિકેટ ઝડપી હતી

# ડો.જે.ટી. પટેલ અન્ડર-12 બોયઝ ઈન્વિટેશન ક્રિકેટ ટૂર્નામેન્ટની ફાઈનલમાં કમ્બાઈન્ડ ડિસ્ટ્રીકટ ટીમનો વિજય

( પ્રતિનિધિ ) વડોદરા,તા.24

લેટ ડો. જે.ટી. પટેલ (પોપભાઈ) અન્ડર-12 બોયઝ ઈન્વિટેશન ક્રિકેટ ટૂર્નામેન્ટ 2025-26ની ફાઈનલ મેચ ક્રિકઝોન ક્રિકેટ એકેડમી અને કમ્બાઈન્ડ ડિસ્ટ્રીકટ વચ્ચે એલેમ્બીક ગ્રાઉન્ડ 1 મેદાન ખાતે રમાઈ હતી. જેમાં કમ્બાઈન્ડ ડિસ્ટ્રીકટની ટીમ વિજેતા બની હતી. જ્યારે ક્રિકઝોન સીએની ટીમ રનર્સ-અપ રહી હતી.

પુરસ્કાર વિતરણ સમારંભમાં કુલ પાંચ વ્યક્તિગત એવોર્ડ આપવામાં આવ્યા હતા. ફાઈનલ મેચમાં 67 રનની પ્રભાવશાળી ઈનિંગ બદલ મંત્રા બારોટને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા. મંત્રા બારોટે સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન 6 મેચોમાં કુલ 301 રન નોંધાવી બેસ્ટ બેટર ઓફ ધ ટૂર્નામેન્ટ એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો. જૈનિશ પ્રજાપતિએ 19 વિકેટ ઝડપી બેસ્ટ બોલર ઓફ ધ ટૂર્નામેન્ટનો ખિતાબ જીત્યો હતો. વંશ ગરસિયાએ 4 કેચ, 2 રનઆઉટ અને 5 સ્ટમ્પિંગ સાથે ઉત્કૃષ્ટ ફિલ્ડિંગ પ્રદર્શન બદલ બેસ્ટ ફિલ્ડર ઓફ ધ ટૂર્નામેન્ટનો એવોર્ડ મેળવ્યો હતો. સર્વાંગી ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ ફિઝાન ઉમટિયાને પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો,જેણે 313 રન બનાવ્યા અને 6 વિકેટ ઝડપી હતી. આ પ્રસંગે જે.ટી. પટેલ પરિવારના સભ્યો વંદના પટેલ, નીલ પટેલ અને ધૃતિ પટેલ સાથે પ્રયાણ દવે એપેક્સ કાઉન્સિલ સભ્ય, આઈસીએ સભ્ય અને સિનિયર મેન્સ સિલેક્શન ચેરમેન, અભય પાલકર ચેરમેન, સબ-જૂનિયર બોયઝ સિલેક્શન, અનિરુદ્ધ ગાયકવાડ હેડ કોચ, અન્ડર-14 બોયઝ, કેદાર દેવધર હેડ કોચ, અન્ડર-16 બોયઝ અને ભૂતપૂર્વ રણજી ખેલાડી તથા મિતેન શાહ બીસીસીઆઈના અમ્પાયર ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદમાં વિશ્વ ક્ષય દિવસની ઉજવણી સાથે ટીબી મુક્ત ભારત અભિયાન 2.0નો પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

સદગુરૂ ફાઉન્ડેશન, ચોસાલા (દાહોદ) ખાતે વિશ્વ ક્ષય દિવસની ઉજવણી કરવામાં આવી. વર્ષ 2026ની થીમ *"Yes! We Can End TB. Led by Bharat. Powered by Janbhagidari."ને કેન્દ્રમાં રાખી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ઉદય ટીલાવત તથા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રી કરણસિંહ ડામોરના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કાર્યક્રમમાં જિલ્લા ક્ષય અધિકારી ડૉ. આર. ડી. પહાડિયા, તબીબી અધિકારી ડૉ. અલ્પના જૈન તથા તાલુકા હેલ્થ ઓફિસર સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ અને સદગુરુ ફાઉન્ડેશન ના ડાયરેક્ટર શર્મિષ્ઠા બેન સહિત મોટી સંખ્યામાં સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત જિલ્લા ક્ષય અધિકારી દ્વારા પ્રાસંગિક પ્રવચનથી કરવામાં આવી. જેમાં ટીબીના નિદાન, સારવાર અને નિયંત્રણ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી. ત્યારબાદ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ઉદય ટીલાવત તથા પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી કરણસિંહ ડામોર દ્વારા ટીબી મુક્ત ભારત માટે જનભાગીદારીના મહત્વ પર ભાર મૂકાયો. આ પ્રસંગે વર્ષ 2025 દરમિયાન રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ (NTEP) અંતર્ગત ઉત્તમ કામગીરી કરનાર દેવગઢ બારીયા, ફતેપુરા, ધાનપુર, ગરબાડા, ઝાલોદ, દાહોદ અને લીમખેડા તાલુકાના વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, UPHC, તેમજ ફાર્માસિસ્ટ, લેબ ટેકનિશિયન, CHO, MPHW અને આશા બહેનોને સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ ઉપરાંત "જન જનનું રાખો ધ્યાન, ટીબી મુક્ત ભારત અભિયાન 2.0"નો પ્રારંભ મુખ્ય મહાનુભાવોના હસ્તે લીલી ઝંડી બતાવીને કરવામાં આવ્યો.

### રાજસ્થાની પરિવારોએ પરંપરાગત શ્રદ્ધા અને ઉલ્લાસ સાથે ઈસર-પાર્વતીનું પૂજન કર્યું

# દાહોદ જિલ્લામાં ગણગૌર પર્વની ભવ્ય ઉજવણી કરાઈ

**અગ્રવાલ સમાજ સહિતના રાજસ્થાની પરિવારોમાં આ પર્વનું વિશેષ મહત્વ**

(પ્રતિનિધિ) દાહોદ, તા.24

રાજસ્થાનની સરહદે આવેલા દાહોદ જિલ્લામાં ગણગૌર પર્વની ખૂબ જ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. દાહોદ પંથકમાં વસતા રાજસ્થાની રાજસ્થાની પરિવારોની મહિલાઓ અને યુવતીઓએ આ પવિત્ર પર્વ નિમિત્તે વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. ખાસ કરીને અગ્રવાલ સમાજ સહિતના રાજસ્થાની પરિવારોમાં આ પર્વનું વિશેષ મહત્વ જોવા મળ્યું હતું. ગણગૌર એ શિવ-પાર્વતી (ઇસ ર-પાર્વતી) ની આરાધનાનો પર્વ છે. હોળીના તહેવાર બાદ સતત ૧૬ દિવસ સુધી ચાલતા આ અનુષ્ઠાનમાં સૌભાગ્યવતી સ્ત્રીઓ પોતાના પતિના લાંબા આયુષ્ય માટે અને કુંવારિકાઓ યોગ્ય વરની પ્રાપ્તિ માટે વ્રત રાખતી હોય છે. ૧૬ દિવસ સુધી ચાલેલા આ ઉત્સવ દરમિયાન યુવતીઓએ હરી ફરીને અને ખાણી-પીણીની મજા માણી પર્વનો આનંદ લીધો હતો. આજે ચૈત્ર નવરાત્રીના ત્રીજા દિવસે આ વ્રતની પૂર્ણાહુતિના ભાગરૂપે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. દાહોદ શહેરના મુખ્ય માગ^ પર નીકળેલી ગણગૌરની સવારીમાં મહિલાઓ અને યુવતીઓ પરંપરાગત વેશભૂષામાં સજ્જ થઈ– જોડાઈ હતી. ઢોલ-નગારાના તાલે વાજતે-ગાજતે નીકળેલી આ શોભાયાત્રામાં મહિલાઓએ માટે મટકી મૂકી લોકનૃત્ય અને ગરબાની રમઝટ બોલાવી હતી. જે નગ્રજનો માટે આકર્ષણનું કેન્દ્ર બર્ન હતી. ઝાલોદ, ફતેપુરા અને લીમખેડામાં પણ રાજસ્થાની પરિવારો દ્વારા સવારી કાઢીને ભક્તિભાવ સાથે પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

# આરોગ્ય શાખા દ્વારા વિશ્વ ક્ષય દિન નિમિત્તે કવાંટ ખાતે રેલી યોજાઈ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.25

આરોગ્ય શાખા છોટાઉદેપુર અને જિલ્લા ક્ષય કેન્દ્ર છોટાઉદેપુર દ્વારા આજે ૨૪ માર્ચ વિશ્વ ક્ષય દિન નિમિત્તે એક જાગરુકતા રેલી નુ આયોજન કરવામાં આવ્યું હતું, સબ ડિસ્ટ્રિક હોસ્પિટલમ ના અધિક્ષક ડો.અનિલ યાદવ દ્વારા રેલી ને પ્રસ્થાન કરાવ્યું હતું, જેમાં જિલ રાઠવા, ટીબી વિભાગ ના કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં આરોગ્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વ ક્ષય દિન નુ આ વર્ષ નું થીમ Yes ! we can End TB, Bharat Powered by Janbhagidari ( હા આપણે ટીબી નો અંત લાવી શકીએ છીએ.) રેલી તાલુકા હેલ્થ ઓફીસ ખાતે થી નિકળી કવાંટ મુખ્ય બજારમાં ફરી ને પરત આવી હતી જેમાં આરોગ્ય વિભાગ તેમજ જનભાગીદારી દ્વારા જાગૃતતા લાવી ટીબી મુક્ત ભારત અભિયાન ને વેગ આપવા આહવાન કરવામાં આવ્યું હતું.

# બાજવામાં ગટર પાસે 'મોતનો કુવો' જેવો મસમોટો ભુવો પડ્યો, તંત્રની ઘોર નિદ્રાથી રહીશોમાં રોષ

**કરોડિયા રોડ પર જલારામ સોસાયટી-2 પાસે રસ્તો આખેઆખો ધસી પડવાની અણીએ; તંત્રને અનેક રજૂઆત છતાં પરિણામ શૂન્ય**

(પ્રતિનિધિ) સંખેડા, તા.24

વડોદરા શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં રસ્તાઓ પર ભુવા પડવાનો સિલસિલો યથાવત રહ્યો છે. વડોદરાના બાજવા વિસ્તારમાં આવેલી જલારામ નગર સોસાયટી-2 પાસે રસ્તા પર એક મસમોટો ભુવો પડતા સ્થાનિક રહીશોમાં ભય અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે.

બાજવા વિસ્તારના કરોડિયા રોડ પર મસાણી માતાજીના મંદિર નજીક આવેલી જલારામ સોસાયટી-2 પાસે ગટરની લાઈન નજીક અચાનક મોટો ભુવો પડી ગયો છે. આ ભુવો એટલો વિશાળ છે કે આખેઆખો રોડ ધસી પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ માર્ગ પર સતત અવરજવર રહેતી હોય છે અને જો કોઈ અજાણ્યો વાહનચાલક કે રાહદારી આ ભુવામાં ખાબકે તો મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેમ છે. વારંવાર રસ્તાઓ પર ભુવા પડવાની અને તેના કારણે અકસ્માતો સર્જાવાની ઘટનાઓ હવે સામાન્ય બની ગઈ હોય તેવું લાગી રહ્યું છે. સ્થાનિક રહીશો દ્વારા આ બાબતે સંબંધિત તંત્રમાં રજૂઆતો કરવામાં આવી હોવા છતાં, હજુ સુધી કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. તંત્રની આ ઢીલી નીતિ અને બેદરકારીને કારણે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોની માંગ છે કે કોઈ મોટી જાનહાનિ થાય તે પહેલા વહેલી તકે આ ભુવાનું સમારકામ કરવામાં આવે અને રસ્તાને સુરક્ષિત બનાવવામાં આવે.

### ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવી

# પાદરા નગર નાગરિક સહકારી બેંકની આવનારી ચૂંટણી પહેલા જ રાજકીય ગરમાવો

(પ્રતિનિધિ) પાદરા, તા.24

પાદરા નગર નાગરિક સહકારી બેંકની આવનારી ચૂંટણી પહેલા જ રાજકીય ગરમાવો તેજ બન્યો છે. 12 એપ્રિલે યોજાનારી આ ચૂંટણી માટે ચાલી રહેલી પ્રક્રિયા દરમિયાન આજે ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવી હતી, જેમાં બે ઉમેદવારી પત્રો રદ થતા ચકચાર મચી ગઈ છે. ઉમેદવારી પત્ર પરત ખેંચવાની તારીખ બાદ સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ થશે - હાલ ૨૪ ઉમેદવારો મેદાને. પાદરા નાગરિક સહકારી બેંક લિમિટેડના વર્ષ 2026 થી 2031 સુધીના વ્યવસ્થાપક મંડળ માટે કુલ 15 જગ્યાઓ માટે ચૂંટણી યોજાવાની છે. જેમાંથી 2 બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે, જ્યારે 1 બેઠક એસ.સી./એસ.ટી. વર્ગ માટે અનામત છે. આ ચૂંટણી માટે કુલ 30 ઉમેદવારો દ્વારા ઉમેદવારી પત્રકો લેવામાં આવ્યા હતા, જેમાંથી 26 ઉમેદવારોએ પોતાના ફોર્મ સબમિટ કર્યા હતા. આજે યોજાયેલી ઉમેદવારી પત્રોની ચકાસણી પ્રક્રિયા દરમિયાન સંયુક્ત ચૂંટણી અધિકારીઓ જીગર પંડ્યા અને સુનીલ પટેલ તથા મદદનીશ અધિકારી મનહર પટેલ એ તમામ ફોર્મની ચકાસણી કરી હતી, જેમાંથી 2 ઉમેદવારી પત્રો અમાન્ય જાહેર કરવામાં આવ્યા હતા. આમ હવે કુલ 24 ઉમેદવારોના ફોર્મ માન્ય ગણાયા છે. રદ થયેલા ઉમેદવારોમાં આશિષભાઈ જગદીશભાઈ પટેલનું નામ સામે આવ્યું છે, જેમનું ફોર્મ ડીફોલ્ટર જામીનદાર હોવાના કારણે અમાન્ય ઠરાવવામાં આવ્યું હતું. જ્યારે અશોકભાઈ શાંતિલાલ પટેલનું ફોર્મ સતત 10 વર્ષ સુધી ડિરેક્ટર તરીકે રહી ચૂક્યા હોવાના કારણે નિયમો મુજબ નામંજૂર કરવામાં આવ્યું હતું.

## પાદરા તાલુકાના ગવાસદ ગામે આવેલ નવી નગરીમાં 8 ફૂટનો મહાકાય મગર દેખાતા લોકોમાં ફફડાટ વ્યાપ્યો

(પ્રતિનિધિ) પાદરા, તા.24

પાદરા તાલુકાના ગવાસદ ગામે આવેલ નવી નગરી વિસ્તારમાં અચાનક બનાવે સ્થાનિકોમાં ભયનો માહોલ ઉભો કર્યો હતો. માનવ વસ્તી વચ્ચે અંદાજે 8 ફૂટ જેટલો લાંબો મગર આવી ચડતા લોકોમાં દોડધામ મચી ગઈ હતી. સ્થાનીકોએ આ અંગે તરત જ પાદરા પ્રાણી જીવરક્ષક સંસ્થાના હેલ્પલાઈન નંબર પર જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા જ સંસ્થાના પ્રમુખે તાત્કાલિક પાદરા વન વિભાગને જાણ કરી અને સંયુક્ત કામગીરી શરૂ કરવામાં આવી હતી. સંસ્થાની ટીમ અને વન વિભાગના અધિકારીઓ સ્થળ પર દોડી ગયા હતા અને સાવચેતીપૂર્વક મગરનું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. ભારે મહેનત બાદ મગરને કોઈને ઈજા પહોંચ્યા વગર સલામત રીતે કાબૂમાં લેવામાં આવ્યો હતો.

# સંખેડા ડ્રાઈવર્ઝન પર કારનો અકસ્માત ચાલકને સામાન્ય ઈજા

(પ્રતિનિધિ) સંખેડા, તા.24

બહાદરપુરથી સંખેડા જતા નવા બનેલા ડાયવર્ઝન પર એક માર્ગ અકસ્માત સર્જાયો હતો. સુઝુકી બલેનો કાર સંખેડા તરફ જઈ રહી હતી ત્યારે સામેથી આવતી સફેદ રંગની પીકઅપ ગાડીના ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવી બલેનો કારના ડ્રાઈવર તરફના ભાગે ટક્કર મારી હતી. અકસ્માત સર્જી પીકઅપ ગાડીનો ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતમાં સંખેડાના રહેવાસી બલેનો કાર ચાલક પંકજભાઈને પગના ભાગે સામાન્ય ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં સંખેડાના સ્થાનિકો સ્થળ પર પહોંચ્યા હતા અને ફરાર થયેલા પીકઅપ ગાડીના ચાલકની શોધખોળ શરૂ કરવામાં આવી છે. બહાદરપુરથી સંખેડા તરફના આ નવા ડાયવર્ઝનના વળાંકો અત્યંત જોખમી બન્યા છે. સંખેડા તરફથી બહાદરપુર જતા માર્ગ પર હજુ પણ ઘણા વળાંકો પર સુરક્ષા માટેની કામગીરી (જેમ કે રેલિંગ લગાવવી) પૂર્ણ થઈ નથી, જેના કારણે ભવિષ્યમાં મોટા અકસ્માતોની આશંકા વ્યક્ત કરાઈ છે.


## મહિલા અને બાળ વિકાસ મંત્રાલય ભારત સરકાર
## નોટિસ

**સામાન્ય જનતાની જાણકારી માટે કે, પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર (PMRBP) માટે અરજીઓ સ્વીકારવાની પ્રક્રિયા 01.04.2026 ના રોજ નેશનલ એવોર્ડ્સ પોર્ટલ (https://awards.gov.in) પર શરૂ થશે. આ પુરસ્કારો એવા બાળકોને આપવામાં આવે છે જેઓ બહાદુરી, રમતગમત, સમાજ સેવા, વિજ્ઞાન અને ટેકનોલોજી, પર્યાવરણ અને કલા તથા સંસ્કૃતિના ક્ષેત્રોમાં રાષ્ટ્રીય સ્તરે માન્યતાને પાત્ર હોય.**

**કોઈપણ બાળક જેની ઉમર 5 વર્ષથી વધુ હોય અને 18 વર્ષથી વધુ ન હોય (31 જુલાઈ, 2026 ના રોજની સ્થિતિએ), જે ભારતનો નાગરિક હોય અને ભારતમાં રહેતો હોય તે આ પુરસ્કારો માટે પાત્ર છે.**

**કોઈપણ નાગરિક તરફથી નામાંકન ફક્ત નેશનલ એવોર્ડ્સ પોર્ટલ https://awards.gov.in દ્વારા જ સ્વીકારવામાં આવશે. પુરસ્કારો માટે સ્વ-નામાંકન અને ભલામણ, બંને પર વિચાર કરવામાં આવશે. ઓનલાઇન અરજીઓ પ્રાપ્ત કરવાની અંતિમ તારીખ 31.07.2026 છે. વધુ વિગતો માટે, કૃપા કરીને નેશનલ એવોર્ડ્સ પોર્ટલ (https://awards.gov.in) પર જવું.**

cbc46101/11/0046/2526



**Muthoot Homefin**
**Muthoot Homefin (India) Ltd.**

CIN - U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસઃ મુથુટ હોમફિન (ઈન્ડિયા) લિ. 19/E, ધ ટ્રબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રુપારેલ કોલેજ પાસે, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.
શાખા ઓફિસઃ મુથુટ હોમફિન (ઈન્ડિયા) લિ, ઓફિસ નં. 214, બીજો માળ, શ્રી રાજશ્રી સેન્ટર, કાલાઘોડા સર્કલ, બરોડા - 390005.

**પરિશિષ્ટ-IV-A [નિયમ 8(6)ની જોગવાઈ જુઓ]**
**ખાનગી કરાર અને વેચાણ માટેની જાહેર નોટિસ**

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ મુથુટ હોમફિન (ઈન્ડિયા) લિ.ના અધિકૃત અધિકારી દ્વારા નીચે દર્શાવેલ સુરક્ષિત અસ્ક્યામતનો કબજો લેવાના અનુસંધાને દેવાદાર/ઓ પાસેથી બાકી રકમની વસૂલાત માટે નીચે મુજબ વર્ણવેલ સ્થાવર મિલકતની ખરીદી માટે સીલબંધ કવરમાં ઓફરો આમંત્રિત કરવામાં આવે છે, જેનો કબજો 'જે જ્યાં છે ત્યાં', 'જે છે તે ' અને 'જે કંઈ પણ છે' ધોરણે છે, જેની વિગતો નીચે મુજબ છેઃ-

| ક્રમ નં. | દેવાદાર(ઓ)/ સહ-દેવાદાર(ઓ)/ જામીનદાર(ઓ)/ લોન એકાઉન્ટ નં./ શાખા | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | રિઝર્વ પ્રાઈઝ | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (RP ના 10%) |
|---|---|---|---|---|---|
| 1. | સન્ની અશોકભાઈ ઠક્કર/ ઇલાબેન અશોકભાઈ ઠક્કર/ 021-02100187/ બરોડા | 18-ઓગસ્ટ-23/ રૂ. 10,77,404/- અંકે રૂપિયા દસ લાખ સત્યોતેર હજાર ચારસો ચાર પૂરા. | રેવન્યુ સર્વે નં. 257 પૈકી, ફ્લેટ નં. 441, ચોથો માળ, શ્રી હરિ ટાઉનશીપ, કમલા તળાવ પાસે, આજવા બાય પાસ પાસે, વડોદરા, અમદાવાદ, ગુજરાત - 390019 | રૂ. 1,80,000/- અંકે રૂપિયા એક લાખ એંસી હજાર પૂરા. | રૂ. 18,000/- અંકે રૂપિયા અઢાર હજાર પૂરા. |

1. હરાજી માત્ર "જ્યાં છે ત્યાં" અને "જે છે તે" ધોરણે યોજવામાં આવી રહી છે.
2. હરાજી વેચાણની વિગતવાર શરતો અને નિયમો નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સામેલ છે, જે ઉપરોક્ત પ્રાદેશિક કચેરીએ ઉપલબ્ધ છે.
3. 'મુથુટ હોમફિન (ઈન્ડિયા) લિ.'ની તરફેણમાં ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા યૂક્વવાપાત્ર EMD સાથે નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સીલબંધ બિડ/ઓફર સબમિટ કરવાની છેલ્લી તારીખ KYC સાથે 14-એપ્રિલ-2026 સાંજે 04:00 વાગ્યા સુધી ઉપરોક્ત જણાવેલ પ્રાદેશિક કચેરીના સરનામે છે. જે ટેન્ડરો સંપૂર્ણ ભરાયેલા નથી અથવા જે ટેન્ડરો છેલ્લી તારીખ પછી પ્રાપ્ત થશે તેને અમાન્ય ગણવામાં આવશે અને તે મુજબ નકારી કાઢવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. સ્થાવર મિલકતના નિરીક્ષણની તારીખ 13-એપ્રિલ-2026 બપોરે 01:00 થી 03:00 વાગ્યાની વચ્ચે છે.
5. મિલકત માટે બિડ ખોલવાની તારીખ/ઓફર હરાજીની તારીખ 15-એપ્રિલ-2026 બપોરે 01:00 વાગ્યે અધિકૃત અધિકારી દ્વારા ઉપર જણાવેલ શાખા કચેરીના સરનામે છે.
6. MHIL કોઈપણ બાકી કાયદેસરની નોટિસ અને બોજો/ટેક્સ બાકી વગેરેની ચુકવણી માટે જવાબદાર રહેશે નહીં, જો કોઈ હોય તો, અને તે રકમ ચૂકવવાની જવાબદારી સફળ હરાજી ખરીદનારની રહેશે. ઇચ્છુક બિડરે મિલકતના બોજા અને ટાઈટલ અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ કરવી જોઈએ અને નિરીક્ષણ કરીને સંતુષ્ટ થવું જોઈએ.
7. ઉચ્ચતમ બિડર MHIL લિમિટેડની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારી કોઈપણ કારણ આપ્યા વગર પ્રાપ્ત થયેલ તમામ અથવા કોઈપણ ઓફર/બિડ સ્વીકારવાનો અધિકાર અનામત રાખે છે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
8. દેવાદાર(ઓ)/જામીનદાર(ઓ) ને આથી સરફેસી એક્ટ, 2002 હેઠળ 15 દિવસની વેચાણ નોટિસ આપવામાં આવે છે કે હરાજીની તારીખ પહેલાં ઉપર જણાવેલ રકમ ચૂકવી દેવી, અન્યથા સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકી રકમ, જો કોઈ હોય તો, વ્યાજ અને ખર્ચ સાથે વસૂલવામાં આવશે. જો દેવાદાર વેચાણની તારીખ પહેલા મુથુટ હોમફિન (ઈન્ડિયા) લિ. ને બાકી નીકળતી રકમ પૂરેપૂરી ચૂકવી દે છે, તો હરાજી રદ કરવાને પાત્ર છે.

વધુ વિગતો માટે, ઉપર જણાવેલ ઓફિસના સરનામે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો. સંપર્ક વ્યક્તિ- રવિ કટારિયા- 7046484811

તારીખઃ 25 માર્ચ, 2026
સ્થળઃ વડોદરા

સહી/- અધિકૃત અધિકારી,
મુથુટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ



**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in.
**"જાહેર સૂચના"**

વડોદરા શહેર વિસ્તારમાં માંસ – મચ્છી- ચિકનના વ્યવસાય કરતા તમામ વેપારીઓનેને જણાવવામાં આવે છે કે, ગુજરાત સરકાર તરફથી આગામી તા.૨૬/૦૩/૨૦૨૬, ગુરૂવાર ના રોજ "રામનવમી" તથા તા.૩૧/૦૩/૨૦૨૬, મંગળવાર ના રોજ " મહાવીર જયંતિ" નિમિત્તે વડોદરા મહાનગરપાલિકા સંચાલિત કતલખાનું બંધ રહેશે. તેમજ સદર દિવસે સંબંધકર્તા તમામ વેપારીઓને તેઓનો વ્યવસાય બંધ રાખવા જણાવવામાં આવે છે.

પી.આર.ઓ.નં.૧૩૩૩/૨૦૨૫-૨૬

મુખ્ય આરોગ્ય અધિકારી
વડોદરા મહાનગરપાલિકા



**Dakshin Gujarat Vij Company Limited**
CIN U40102GJ2003SGC042909
**Bharuch Circle Office**